| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૨/૦૯/૨૦૨૩   મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૫૦૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૨૭૦ લીટર દેશી દારૂ, ૨૪૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૦૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૧૯ બિયર ટીન અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૭,૭૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૫૦૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-   સમાચાર યાદી નં.૧૫૧૦/૨૦૨૩

**સાયબર ક્રાઇમ:** નીલભાઇ ઉમેશભાઈ મોદી (ઉ.વ.૩૧)(રહે,પુષ્પજીવન સોસાયટી, ઉમીયા ડેરીના ખાંચામાં, જીવરાજપાર્ક, વેજલપુર રોડ) એ તા.૧૧/૦૯/૨૦૨૩ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૫/૨૦૨૩ થી તા.૨૯/૦૫/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન નીલભાઇ મોદીએ જુદા-જુદા સોશિયલ મીડીયા પ્લેટફોર્મ ઉપર પોતાનુ "Sports Bike Plaza" નામનુ વેબ-પેજ બનાવેલ હતુ જેમાંથી નીલભાઇનો નંબર મેળવી મોબાઇલ નંબર ૭૫૦૮૨૬૫૨૦૫ ના ધારકે નીલભાઇને ફોન કરી પોતાનુ નામ વિપન જણાવી પોતાના સગાનું "હાર્લી ડેવીડસન બાઇક વેચવા માંગે છે" તેવી હકીકત જણાવી બાઇકના તમામ ડોક્યુમેન્ટ અને બાઇકનુ વેરીફીકેશન કરવા બાઇક ખરેખર જગ્યા ઉપર છે તેવુ દેખાડવા આખુ સેટઅપ ઉભુ કરી નિલભાઇનો વિશ્વાસ કેળવી નીલભાઇ પાસેથી રૂપિયા ૫૦,૦૦૦/- ટોકન પેટે તેમજ બાઇકની કિંમત પેટે રૂપિયા ૭,૮૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮,૩૦,૦૦૦/- મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી એમ.ડી.રાઠવા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૫૧૧/૨૦૨૩**

**વટવાઃ** રાજીવરંજનકુમાર વિજયપ્રસાદ પ્રસાદ (રહે.શિવાંશ લેન્ડમાર્ક સંકલ્પ રેસીડન્સી રીંગ રોડ પાસે વટવા) એ તા.૧૧/૦૯/૨૦૨૩ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૯/૨૦૨૩ સવારના ૮/૦૦ થી તા.૦૮/૦૯/૨૦૨૩ સવારના ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના બાથરૂમના બારીના કાચ અને ગ્રીલ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૦૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

**શાહીબાગઃ** રીતેષભાઈ અશોકભાઈ શાહ (રહે.આસોપાલવ સોસાયટી રજનીગંધા ટાવરની બાજુમાં શાહીબાગ) એ તા.૧૦/૦૯/૨૦૨૩ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૯/૨૦૨૩ બપોરના ૧/૪૫ થી ૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી, એક પુરૂષ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૪૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ચુડાસમા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૫૧૨/૨૦૨૩**

**મણીનગરઃ** મિતેષભાઇ મુકેશભાઇ સુખવાણી (ઉ.વ.૩૮) (રહે.પુષ્પાજંલી એપાર્ટમેન્ટ પ્રાણશંકર હોલ સામે ભૈરવનાથ રોડ મણીનગર) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૯/૨૦૨૩ સવારના ૧૦/૫૦ વાગ્યા પહેલા રહેણાંકના ધાબા ઉપર આવેલ લીફ્ટની ઓરડીમાં ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.આઇ.સૈયદ ચલાવે છે.

**રામોલઃ** કિરણભાઇ દેવજીભાઇ લકુમ (ઉ.વ.૩૬)(રહે.આમ્રપાલી સોસાયટી હિરાબા સ્કુલ પાછળ મહાદેવનગર વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૯/૨૦૨૩ સાંજના ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે લુંગી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.તડવી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી